વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૬, બીજો-ત્રીજો માળ, જુના સચિવાલય,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦

ટેલિફોન નં. 079-23251365 ઇ-મેઇલ નં. Cottax 2016 @gmail.com

ખુબ જરૂરી/પ્રથમ મહત્વ/સમય મર્યાદા

નં.ટેક્ષ/એડવાન્સ ટેક્ષ/મુદત-વધારો/ઓન- 336

તારીખ :

પ્રતિ,

નાયબ સચિવશ્રી,

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,

બ્લોક નં.૨, નવમો માળ, નવા સચિવાલય,

ગાંધીનગર

19 APR 2017

વિષય : વર્ષ ૨૦૧૭-૧૮ ના ટેક્ષ ક્વાર્ટરની મુદતમાં વધારો કરવા બાબત.

અનુ.: અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન, અમદાવાદ નો પત્ર તા. ૧૫/૦૪/૨૦૧૭ અન્વયે.

ઉપરોક્ત વિષય તથા અનુસંધાને જણાવવાનું કે, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન, અમદાવાદ અનુસંધાન વાળા પત્રથી મળેલ રજુઆત મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ ના ટેક્ષ ક્વાર્ટરની મુદત હાલ એપ્રિલ માસમાં ૨૦ તારીખ સુધીની છે. સરકારશ્રીએ તા.૦૧/૦૪/૨૦૧૭ થી તમામ જુના ગુડ્ઝવાહનો ઉપર આજીવન કર ભરવાનો વિકલ્પ આપેલ છે. આવા જુના ગુડ્ઝા વાહનોની સંખ્યા ખુબ મોટી હોવાથી સદર સમય ગાળો અપુરતો જણાય છે. આજીવન કરની રકમ રીકરીંગ કરની રકમ કરતાં ખુબ વધારે હોવાથી વાહન માલિકોને પુરતો સમય આપવો જરૂરી જણાય છે. સદર ટેક્ષ ક્વાર્ટર ની સમય મર્યાદા ૨૦/૦૪/૨૦૧૭ થી લંબાવીને ૩૦/૦૪/૨૦૧૭ સુધીની કરવાથી મોટરીંગ પબ્લિકને ~~પુરતો~~ નાણાંકિય વ્યવસ્થા કરવાનો પુરતો સમય મળશે અને સરકારશ્રીની આવકમાં પણ વધારો થશે તેવું અત્રેની કચેરીનું સ્પષ્ટ મંતવ્ય છે. જેથી મોટરીંગ પબ્લિકનું હીત અને સરકારશ્રીનું હીત લક્ષમાં રાખીને ટેક્ષ ક્વાર્ટરની સમય મર્યાદા તા.૩૦/૦૪/૨૦૧૭ સુધીની કરી આપવા વિનંતી.

ઉપરોક્ત સંજોગો ધ્યાનમાં લઈ ગુજરાત મોટર વ્હીકલ ટેક્ષ- રૂલ્સ ૧૯૫૯ ના નિયમ ૮(૩) મુજબ વધુ ૧૦ દિવસ સુધી મુદત વધારવા ભલામણ છે. જેથી આ દરખાસ્ત પરત્વે જાહેરનામું કરવાનું થાય તેના માટે સરકારશ્રીના આદેશ ત્વરીત મેળવી આપવા વિનંતી છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરીથી

ખાસ ફરજ પરના અધિકારી

નકલ રવાના: શ્રી મુકેશભાઇ સી.દવે માનદમંત્રીશ્રી અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન ૭૫, સહજાનંદ શોપિંગ સેન્ટર , સ્વામીનારાયણ મંદિરની સામે,શાહીબાગ,અમદાવાદ

Akhil Gujarat Truck Transport Association
Dt. 19-04-2017